ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# કોરોનાના લક્ષણ જણાય તો તાકિદે ટેસ્ટ કરાવવો જરૂરી

## ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નિષ્ણાંત તબીબોએ કોરોના સામે ગંભીર બનવાની પ્રજાજોગ અપીલ કરી : કોરોનાથી ફેફસા પર ઘેરી અસર થાય છે એટલે ગભરાવવાની જરૂર નથી પણ સાવધાની ખૂબ જ અનિવાર્ય છે

ગાંધીનગર, તા.૨૯

રાજયભરમાં કોરોનાના કેસ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. કોરોના અજગરી ભરડો લઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. કોરોનાનું સંક્રમણ ઘટવાને બદલે સતત વધી રહ્યું છે. ત્યારે કોરોનાથી ગભરાવવાની જરુર નથી, પરંતુ સાવચેતી રાખવાની જરુરત છે. સામાન્ય વ્યકિતમાં પણ તાવ, શરદી-ખાંસી કે અન્ય બિમારીના લક્ષણ દેખાય તો તે વ્યકિતએ તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલનો સંપર્ક કરવો જોઈએ અને તે ઉપરાંત નિષ્ણાંત ડોકટર કહે તે પ્રમાણે જરુરીયાત મુજબના ટેસ્ટ અને મેડીસીન અને સારવાર લેવી અનિવાર્ય છે. નહી તો સામાન્ય લક્ષણ ધરાવતા દર્દી સારવારમાં એક બે દિવસ મોડુ કરે તો ઝોખમી સાબિત થઈ શકે છે.

અત્યારે હાલના સમયે કોરોના વકરી રહ્યો છે. ત્યારે સામાન્ય લક્ષણ ધરાવતા નાગરીકોએ પણ કોરોનાનો રેપીડ એન્ટીજન અથવા તો આરટી-પીસીઆર ટેસ્ટ કરાવી લેવો જોઈએ. જો કોરોનાના સામાન્ય લક્ષણો પણ જણાય તો તાત્કાલીક સારવાર લેવી જોઈએ. જેથી કોરોનાનો ચેપ શરીરમાં આગળ વધતા અટકાવવા માટે ડોકટર દ્વારા સારવાર લેવી જરુરી છે. જેને પગલે કોરોના ફેંફસામાં આગળ વધતો અટકાવી શકાશે અને દર્દી થોડા સમયમાં સારવાર મેળવી ઝડપી સ્વસ્થ બની જાય છે. પરંતુ જયારે લક્ષણ હોવા છતા દર્દીઓ

● અનુસંધાન પાન-૭ પર





હાલના સમયે દિવસમાં એકવાર દરેક વ્યકિતએ પોતાના શરીરનું ઓકિસજન લેવલ ચેક કરતા રહેવું જોઈએ. ઓકિસજન લેવલ ૯૪ ટકાથી નીચે આવે તો તાત્કાલીક અસરથી કોરોનાનો ટેસ્ટ કરાવવો જોઈએ. તે ઉપરાતં ૬ મીનીટ ચાલ્યા પછી કોઈ વ્યકિતને શ્વાસ ચઢે અને ઓકિસજનનું પ્રમાણ ઓછુ જણાય તો તે નાગરીકે પણ ટેસ્ટ કરાવી લેવો જોઈએ. દરેક વ્યકિતએ ઘરે ઓકિસમીટર રાખવુ જોઈએ. જયારે હોસ્પિટલના આઠમા માળે એડમીટ દરેક દર્દીને ડાયપર પહેરાવવામાં આવે છે. કોરોના પોઝીટીવ દર્દી સ્વસ્થ દેખાય છે પરંતુ અચાનક તે દર્દીનું ઓકિસજન લેવલ ઘટી જવાથી હરતા ફરતા દર્દીનું મૃત્યું પણ થઈ શકે છે. આ બિમારીને મેડીકલ ભાષામાં હેપ્પી હાઈપોકસીયા કહેવામાં આવે છે.

**ડો. શશી મુદ્રા એચઓડી મેડીસીન વિભાગ**

ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં પાંચ થી આઠ માળ સુધી સારવાર મેળવી રહેલા દર્દીઓ માટે થ્રી લેયર ડોકટરની સુવિધા આપવામાં આવે છે. દરેક ફલોર પર મેડીકલ ઓફિસર અને ફીજીશીયન તેમજ વધુ એક ફીઝીશીયન સુપરવિઝન માટે રાખવામાં આવે છે.

**ડો.શૈશીલ પરમાર ઉ.ગુ.રીઝયુનલ નોડલ અધિકારી**

કોરોનાનો કહેર વધી રહ્યો છે ત્યારે નાગરીકોએ માસ્કનો મેડીસીન તરીકે કરવો પડશે. વડીલો, અશકત અને બિમાર વ્યકિતઓએ બહાર જવાનું ટાળવુ જોઈએ તેમજ દર્દી સાથે માત્ર એક જ સગાએ રહેવુ જોઈએ. જયારે લીફટમાં પણ ચાર વ્યકિતએ જ બેસવુ જોઈએ જેથી કોરોનાના વધતા જતા સંક્રમણને અટકાવી શકાય.

**ડો.દિનકર ગોસ્વામી ફીજીશીયન**

# સ્ટેશન પાછળના વિસ્તારમાંથી ચાર દિવસમાં દબાણો દૂર કરવા સુચના

## આગામી તા ૪ ઓકટોબર સુધીમાં દબાણો દુર કરવા માટે સમય અપાયો છે : હાલ દબાણકર્તાઓ સ્વેચ્છાએ દબાણો દુર કરી રહ્યા છે

ગાંધીનગર તા ૨૯

રેલવે સ્ટેશન પાછળના વિસ્તારમાંથી દબાણો દુર કરવા માટે અગાઉ તંત્રએ અભિયાન પડતુ મુકવાની ફરજ પડી હતી જયારે દબાણકર્તાઓને મુદત અપાયા બાદ આગામી તા ૪ ઓકટોબર સુધીમાં દબાણો સ્વેચ્છાએ દુર કરવા માટે પણ અલ્ટીમેટમ આપી દેવાયુ છે. ત્યારે હાલ આ વિસ્તારમાંથી સ્વેચ્છાએ દબાણો દુર કરવામાં આવી રહ્યા છે. આગામી દિવસોમાં સ્થળ પર દબાણો જોવા મળશે તો તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરાશે.

રેલવે સ્ટેશન પાછળના વિસ્તારમાં ઝુંપડાઓનુ દબાણ દુર કરવા હાલ સ્વેચ્છાએ દબાણકર્તાઓ કામે લાગ્યા છે. જયારે આ વિસ્તારમાં અંદાજિત ૫૮૨ જેટલા ઝુંપડા છે. આ કાચા પાકા દબાણો દુર કરવા માટે તંત્ર કક્ષાએથી લાંબા સમયથી આયોજન કરવામાં આવી રહ્યુ છે .આખરે થોડા દિવસો અગાઉ બુલડોઝર સાથે તંત્રની ટીમ ત્રાટકવાની હતી ત્યારે અંત સમયે આ ઝુંબેશનુ સુરસુરિયુ થઈ ગયુ હતુ. દબાણકર્તાઓએ કોર્ટ રાહે દબાણો દુર કરવા સમય આપવાની અરજ સાથે આગામી બે સપ્તાહમાં દબાણો સ્વેચ્છાએ હટાવી લેવાની તૈયારી પણ દર્શાવી હતી. જેના અંતે દબાણ હટાવનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો હતો. જયારે હાલ સ્થળ પર દબાણકર્તાઓ દ્વારા સ્વેચ્છાએ દબાણો દુર કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત આ પૈકી કોલવડા વસાહતમાં ફાળવવામાં આવેલ આવાસો મુજબ ૧૨૮ લાભાર્થીઓનો સામાન પણ ખસેડવામાં આવી રહ્યો છે. દબાણોના લીધે છેલ્લા દોઢ વર્ષથી અન્ડર પાસની કામગીરી પણ અટકેલી છે. અલબત્ત પ્રોજેકટનુ મોટાભાગનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. પરંતુ બ્રિજના એક છેડે દબાણના લીધે કામ થઈ શકયુ નથી આવા સંજોગોમાં કાચા પાકા દબાણો દુર કરી દેવા માટે આગામી તા ૪ ઓકટોબર સુધીની મુદત આપવામાં આવી છે. આ સમયગાળા સુધીમાં દબાણો દુર નહીં કરવામાં આવે તો તંત્રની ટીમ દબાણો દુર કરવા કામે લાગી જશે.

આ વિસ્તારમાં દબાણોની સમસ્યા વર્ષો જુની છે. જયારે દબાણો દુર કરવાના મામલે જિલ્લા કલેકટર તેમજ માર્ગ મકાન વિભાગના અધિકારીઓએ અગાઉ પણ દબાણકર્તાઓ સાથે બેઠક કરી હતી જો કે હવે સ્વેચ્છાએ દબાણો દુર કરવાનુ અભિયાન હાથ ધરવામાં આવતા તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

# શહેરી વિસ્તારના ગામોમાં ગટરની નવી લાઈન નાંખાવાનુ કામ શરૂ

## અગાઉ બાકી રહી ગયા હોય તેવા ગામના વિસ્તારમાં નવી લાઇન નંખાશે : જાન્યુઆરી મહીનામાં કામ પુર્ણ થશે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં ગટર લાઈનના અધુરા કામો પુર્ણ કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. શહેરી વિસ્તારના બોરીજ , પાલજ , બાસણ ઈન્દ્રોડા ધોળાકુવા ગામમાં ગટરની સમસ્યા નિવારવા માટે નવી લાઈનનુ કામ હાથ ધરાયુ છે. શહેરી વિસ્તારના ગામોમાં કેટલાક ભાગોમાં લાંબા સમયથી લાઈનનુ કામ બાકી હતુ આ કામગીરી આગામી જાન્યુઆરી મહીનામાં પુર્ણ કરી દેવાશે.

ગાંધીનગરના સેકટરોમાં ગટરોના દુષિત પાણી ઉભરાવાની ફરિયાદો ઉઠે છે. જો કે આગામી દિવસોમાં સમગ્ર શહેરની ગટર લાઈન અપગ્રેડ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. શહેરમાં હાલ દાયકાઓ જુની ગટર લાઈન છે. સેકટરની વસતી અને વિકાસ મુજબ હાલની ગટર લાઈન પર્યાપ્ત નથી નાના ડાયામીટરની લાઈનના લીધે ગટરોની સમસ્યા વધુ જટીલ બની છે. જયારે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ હજુ માળખાગત સુવિધાના કામો અધુરા છે. જેમાં રસ્તા પાણી અને ગટર લાઈનનો પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. જો કે હાલ તો શહેરી વિસ્તારના ગામોમાં ગટર લાઈનનુ અધુરુ કામ પુર્ણ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા કલેક્ટર કચેરીમાં સાત જેટલા કર્મયોગી સંક્રમિત

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં આજે યોજાયેલ એન્ટીજન ટેસ્ટ કેમ્પમાં સાત જેટલા કર્મયોગીઓ સંક્રમિત થયાનું જણાયુ હતુ.

મળતી વિગતો પ્રમાણે ચૂંટણી શાખાના બે કર્મયોગીઓ, મામલતદાર કચેરીના ૩ કર્મયોગી અને અન્ય બે કર્મયોગીઓ સંક્રમિત થયાનું જણાયુ હતુ.

આજે સવારે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ પહેલો ટેસ્ટ કરાવ્યો હતો. આ પછી આર.એ.સી. એચ.એન. જાડેજાએ ટેસ્ટ કરાવી અને આ કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો.

ગાંધીનગર જિલ્લા આરોગ્યતંત્રની બે ટીમો દ્વારા આ ટેસ્ટની કામગીરી કરાઈ હતી. ૨૫૦થી વધુ સેવાસદનના કર્મયોગીઓનો ટેસ્ટ આજે કરવામાં આવ્યો હતો. ગઈકાલે કલોલ અને માણસામાંથી કર્મચારીઓ સંક્રમિત થયાના અહેવાલોને પગલે હરકતમાં આવેલા તંત્રએ આજે આ અંગેના ખાસ કેમ્પનું આયોજન કલેક્ટરના આદેશથી કરવામાં આવ્યું હતું.

# જિલ્લામાં સતત બીજે દિવસે ૧૩ કેસ

## ૧૮૯૮ દર્દીઓ કોરોનામુક્ત થયા : ગાંધીનગરમાં ૬, માણસા-કલોલમાં 3-3 અને દહેગામમાં ૧ કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી કોરોનાના આજે વધુ ૧૩ કેસ મળી આવ્યા છે. જોકે રાજ્ય સરકારે ૧૯ કેસ નોંધાયાનું તેની યાદીમાં જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતા વધી રહી છે. આજે યુવા દર્દીઓ વધારે મળ્યા છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાંથી ૬, દહેગામમાંથી એક, માણસામાંથી ૩ અને કલોલમાંથી પણ ૩ કેસ મળી આવ્યા છે. આજે મળેલા ૧૩ કેસમાં ૧૦ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લામાં હાલ ૮૧ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી ખાનગી નોકરી કરતી ૩૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અંબાપુર ગામેથી પણ ૨૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કુડાસણ ગામે રહેતા અને સરકારી નોકરી કરતા ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સરગાસણ ગામેથી બે કેસ મળી આવ્યા છે. ખાનગી નોકરી કરતી ૪૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે અન્ય એક ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રૂપાલ ગામેથી ૪૫ વર્ષીય ખાનગી નોકરી કરતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. રૂપાલ ગામમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

દહેગામ તાલુકાના અરજણજીના મુવાડા ગામે એક ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં વકફ ટ્રિબ્યુનલની કચેરીનું કાયદામંત્રીના હસ્તે ઉદ્દઘાટન



ગાંધીનગર ,તા.૨૯

વકફ ટ્રિબ્યુનલની કચેરીનું આજે બ્લોક નં.૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે કાયદા રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિમાં કાયદા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉદ્દઘાટન કર્યું હતું. આ ઉદ્દઘાટન બાદ કાયદા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું હતું કે વકફના વહીવટ અને વકફની સંપત્તિ સંબધિત કામગીરી વધુ ઝડપી અને અસરકારક બનાવવાનો અમારો નિર્ધાર છે. વર્ષ ૧૯૯૫માં વકફ અધિનિયમ અમલમાં આવ્યો જે હેઠળ વકફની નોંધણી કરવામાં આવે છે. વકફ સંબધિત તકરારોનું ઝડપી અને સુયોગ્ય નિવારણ આવે તે માટે વર્ષ ૨૦૧૩ વકફ અધિનિયમનો સુધારો અમલમાં આવતા ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલ ની રચના કરવામાં આવી હતી. આ ટ્રિબ્યુનલમાં રાજ્યની ન્યાયિક સેવાના સભ્ય, રાજ્યની વહીવટી સેવાના સભ્ય અને ઈસ્લામિક કાયદા ન્યાય શાસ્ત્રના જાણકાર વિદ્વાન એમ ત્રણ સભ્યોનો સમાવેશ થાય છે. હાલ વકફ ટ્રિબ્યુનલ માં એક ચેરમેન અને બે સભ્યો દ્વારા સંચાલન કરવામાં આવે છે. વકફ ટ્રિબ્યુનલના ચેરમેન તરીકે ડિસ્ટ્રીક્ટ જજ કક્ષાના અધિકારી ફરજ નિભાવે છે. આ પ્રસંગે કાયદા રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ કહ્યું હતું કે વકફ મિલકતોના સંરક્ષણ અને સંવર્ધન માટે વકફ ટ્રિબ્યુનલ મહત્વની ભૂમિકા ભજવે છે. વકફ મિલ્કતોની જાળવણી અને વિકાસ માટે ગુજરાતમાં વકફ બોર્ડ કાર્યરત છે.

# શહેરમાં કોરોનાના કેસ ૧૩૦૦ની નજીક

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૯ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૩૦૦ની નજીક પહોંચી છે. આજે આ કેસોની સંખ્યા ૧૨૯૬ થઈ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં યુવાવર્ગ કોરોનાની ઝપટે ચડ્યો છે. આજે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરનારા દર્દીઓની સંખ્યા વધુ છે. શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ સારવાર પસંદ કરનારા દર્દીઓની સંખ્યા વધતાં તંત્ર પર કામગીરીનું ભારણ વધી જવા પામ્યુ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. ગઈકાલે ધોળાકુવા અને આદિવાડા પછી આજે કોરોનાએ પાલજ ગામમાં પુનઃ પોતાની હાજરી પુરાવી છે.

તંત્ર દ્વારા શહેરમાં સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કરવામાં આવ્યો છે. આજે પણ ૪૦૦થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

શહેરમાં આજે સે. ૫ માંથી ૩, સે. ૧૫ માંથી ૩, સે. ૨૪ માંથી ૨, સે. ૨૮ માંથી ૨ ઉપરાંત સે. ૨, ૭, ૧૩, ૨૨, ૨૩, ૨૭, ૩૦, જીઈબી અને પાલજમાંથી કેસો મળી આવ્યા છે.

સે. ૫ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. સે. ૫ એ કોરોના માટે વધુને વધુ સંવેદનશીલ બની ઉભરી રહ્યુ છે.

## શહેરમાં આજે યુવાવર્ગ કોરોનાની ઝપટે ચડ્યો : શહેરમાં ૮ વર્ષની બે બાળકી સાથે સંક્રમિત થઈ

આજે સે. ૫ માંથી ૪૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૫ માંથી એક ૮ વર્ષની દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બાળકીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આ ઉપરાંત ૮૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૨ માં પણ ૮ વર્ષની દિકરી સંક્રમિત થઈ છે તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૧૫ માંથી આજે એક જ પરિવારમાંથી ૩ કેસ પોઝીટીવ મળી આવ્યા છે. માતા-પુત્ર અને પુત્ર કોરોનાથી સંક્રમિત થતાં ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. દિકરો અમદાવાદ નોકરી કરે છે જ્યારે દિકરી અભ્યાસ કરે છે.

સે. ૨૮ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૮ માં રહેતા અને યુનિયન બેંકમાં નોકરી કરતા ૩૨ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. હોમ આઈસોલેશનનો વિકલ્પ દર્દીએ સ્વીકાર્યો છે. આ ઉપરાંત સે. ૨૮ માં રહેતા અને અમદાવાદ ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતા કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

પાલજ ગામે આઈઆઈવીએચજીમાં રહી અભ્યાસ કરતી ૨૭ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે કોલવડા કેર સેન્ટરમાં ખસેડવામાં આવેલ છે.

જીઈબીમાં આવેલ હોસ્પિટલનો ૪૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૪ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યો છે. સે. ૨૪ માં રહેતી અને કોર્ટ આસિટન્ટ તરીકે ફરજો બજાવતી ૩૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. સે. ૨૪ માં રહેતા અને એલ.આઈ.સી. સે. ૧૬ માં ફરજો બજાવતા ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૨૨માં રહી અને અભ્યાસ કરતી ૨૦ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. સે. ૭ માંથી ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ચેતક કમાન્ડોમાં ફરજો બજાવતા અને સે. ૩૦માં રહેતા ૩૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૧૩માંથી ૬૮ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ

● અનુસંધાન પાન-૭ પર

# એસ ટી ડેપોમાં ઈન્કવાયરી સેવા ખાડે ફોન ઠપ્પ થતા મુસાફરોને ધક્કા

## સમસ્યા નિવારવા ડેપોએ મોબાઇલ સેવા શરૂ કરી : મુસાફરો મોબાઇલના માધ્યમથી બસ ઇન્કવાયરી કરી શકશે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરો બસ અંગે ઈન્કવાયરી કરી શકે તે માટે લેન્ડલાઈન ફોન પર જાણકારી પુરી પાડવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ ફોનસેવા વારંવાર ખોરવાઈ જતા મુસાફરોને પરેશાની વેઠવી પડે છે. આ સમસ્યાને નિવારવા માટે ડેપોએ હાલ મોબાઈલ સેવા શરૂ કરી દીધી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં અવરજવર કરતી બસો તેમજ અન્ય ઈન્કવાયરી માટે કંટ્રોલ રૂમમાં પુછરપરછ માટે કરવામાં આવેલી ફોનની વ્યવસ્થા વારંવાર ખોરવાઈ જાય છે. વારંવાર ફોન સેવા ઠપ્પ થઈ જતા મુસાફરોને યોગ્ય જાણકારી મળતી નથી. મુસાફરોએ ઘણીવાર પુછતાછ માટે રૂબરૂ આવવાની પણ ફરજ પડે છે. આવા સંજોગોમાં મુસાફરોને પડતી હાલાકીનુ નિવારણ લાવવા માટે ડેપો દ્વારા મોબાઈલ સુવિધા શરૂ કરવામાં આવી છે. પાટનગરમાં એસ ટી ડેપોમાં ગ્રામ્ય અને શહેરી બસ સુવિધાને અનુલક્ષી મુસાફરોને યોગ્ય જાણકારી મળી શકે તે માટે ફોનની વ્યવસ્થા મુસાફરો માટે કરવામાં આવી છે ગ્રામ્ય અને શહેરી સ્ટેન્ડ પર સ્થિત કંટ્રોલ પોઈન્ટ પર બી એસ એન એલની

● અનુસંધાન પાન-૭ પર

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ
20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36",
20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com